# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-06-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

**************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બિહારમાં પાંચ હજાર 900 કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કર્યું.**

2) **પ્રધાનમંત્રી સાંજે ઓડિશામાં ભારતીય જનતા પાર્ટીની પહેલી સરકારના એક વર્ષ પૂર્ણ થવા પ્રસંગે યોજનારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.**

3) **સિક્કિમના નાથૂલાથી આજથી કૈલાસ માનસરોવર યાત્રાનો પ્રારંભ**

4) ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લાને લઈ જનાર ઍક્સિઓમ- 4 મિશન ફરી એક વાર મોકૂફ

5) ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે તેંડુલકર—ઍન્ડરસન ટ્રૉફીની પાંચ મૅચની ટેસ્ટ ક્રિકેટ શ્રેણીનો આજથી આરંભ, બપોરે 3.30 વાગ્યે પહેલી મૅચ

..........................................................................

(હવે પછી આપ બે વાગીને ત્રીસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM VISIT BIHAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ  આજે બિહારના સિવાન જિલ્લામાં પાંચ હજાર 900 કરોડથી વધુના વિવિધ વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કર્યું.

શ્રી મોદીએ શહેરી વિકાસ, પ્રધાનમંત્રી આવાસ યોજના અને રેલ્વે સંબંધિત ક્ષેત્રમાં રેલ માળખાગત વિકાસ માટે બિહાર અને ઉત્તરપ્રદેશને જોડતા 400 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનારી નવા વૈશાલી - દેવરિયા રેલવે લાઇન પરિયોજનાનું લોકાર્પણ કર્યું..તેમણે પાટલીપુત્ર અને ગોરખપુર વચ્ચે મુઝફ્ફરપુર અને બેતિયા થઈને વંદે ભારત એક્સપ્રેસને પણ લીલી ઝંડી આપી.

પ્રધાનમંત્રીએ સારણ જિલ્લામાં મઘૌરા પ્લાન્ટમાં ઉત્પાદિત અત્યાધુનિક રેલવે એન્જિનનું પણ લોકાર્પણ કર્યું. આ કારખાનામાં ઉત્પાદિત આ પ્રથમ નિકાસ રેલવે એન્જિન છે. આનાથી પશ્ચિમ આફ્રિકન દેશ ગિનીમાં નિકાસ શક્ય બનશે.

પ્રધાનમંત્રીએ ગંગા નદીના સંરક્ષણ અને પુનર્જીવિત કરવાની પ્રતિબદ્ધતા મુજબ નમામી ગંગે પરિયોજના હેઠળ છ ગટર શુદ્ધીકરણ પ્લાન્ટ સહિત અનેક પરિયોજનાઓનું પણ લોકાર્પણ કર્યું.. શ્રી મોદીએ પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરીના 53 હજાર છસોથી વધુ લાભાર્થીઓને યોજનાનો પ્રથમ હપ્તો પણ જાહેર કર્યો.

# PM ODISHA VISIT

` પ્રધાનમંત્રી આજે સાંજે ઓડિશામાં ભારતીય જનતા પાર્ટીની પહેલી સરકારના એક વર્ષ પૂર્ણ થવા પ્રસંગે યોજાનારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ ભૂવનેશ્વરના જનતા મેદાનમાં યોજાશે. આ પ્રસંગે શ્રી મોદી 18 હજાર 600 કરોડ રૂપિયાથી વધુની વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. આ પરિયાજનાઓમાં પીવાના પાણી, સિંચાઈ, ખેતી, આરોગ્ય, માર્ગ અને બ્રિજ, રાષ્ટ્રીય રાજમાર્ગ અને રેલવે ક્ષેત્રની છે.

# DAY PREZ. VISIT - UTTRAKHAND

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આજે દહેરાદૂનમાં રાષ્ટ્રપતિ નિકેતન અને રાષ્ટ્રપતિ તપોવનનું ઉદ્ઘાટન કર્યું. જે 24મી તારીખથી જાહેર જનતા માટે ખૂલ્લું મુકાશે. સશ્રી મુર્મૂએ રાષ્ટ્રપતિ નિકેતનમાં અનેક વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કર્યું. તેમણે 132 એકરમાં વિકસાવવામાં આવનારા બગીચો-રાષ્ટ્રપતિ ઉદ્યાનનું પણ ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે તેમણે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફૉર એમ્પાવરમેન્ટ ઑફ પર્સન્સ વિથ વિઝ્યૂઅલ ડિસેબિલિટીઝના વિદ્યાર્થીઓને સંબોધન કર્યું હતું.

(બાઈટ- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ)

# DAY KMY SIKKIM

સિક્કિમના નાથૂલાથી આજથી કૈલાસ માનસરોવર યાત્રાનો પ્રારંભ થયો. રાજ્યપાલ ઓમપ્રકાશ માથુરે 36 સભ્યના સમૂહને ઝંડી બતાવી આ પવિત્ર યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું. આ વર્ષે નાથૂલાથી તીર્થયાત્રીઓના કુલ 10 જૂથ કૈલાસ માનસરોવર જશે. દરેક જૂથને પવિત્ર યાત્રા પૂર્ણ કરવામાં 11થી 12 દિવસનો સમય લાગશે. યાત્રા દરમિયાન આ જૂથ સાથે તબીબ અને સરકારી અધિકારી પણ રહેશે.

(V/C- MANAS KUMAR – KAILASH MANSAROVAR)

# AXIOM 4 POSPONED

ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લાના આંતરરાષ્ટ્રીય અવકાશ કેન્દ્ર માટે એક્સિઓમ-4 મિશન ફરી મોકૂફ રખાયું છે. નવા કાર્યક્રમ મુજબ, આ મિશન 22 જૂને મોકલવાનું હતું. અમેરિકાની અવકાશ સંસ્થા નાસાએ એક નિવેદનમાં આંતરરાષ્ટ્રીય અવકાશ કેન્દ્ર સંચાલનનું મૂલ્યાંકન કરવા વધારે સમયની જરૂર હોવાનું જણાવ્યું.

અવકાશ મથકની પરસ્પર જોડાયેલી પ્રણાલિઓના કારણે નાસા એ સુનિશ્ચિત કરવા માગે છે, શું મથક વધારે દળ માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. દરમિયાન મિશનના સભ્ય ફ્લોરિડામાં એકાંતમાં રહે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PUNJAB DRUGS

પંજાબના અમૃતસર નજીકના એક ગામમાંથી સરહદ સુરક્ષા દળે સાત કિલોથી વધુના કેફી પદાર્થનો જથ્થો જપ્ત કર્યો છે. ગુપ્ત માહિતી મળતા સરહદસુરક્ષા દળ BSF-એ મોડી રાત્રે પાકિસ્તાનની સરહદે આવેલા વિસ્તારમાં કાર્યવાહી કરી અને એક ડ્રોનનેપણ તોડી પાડ્યું. શંકાસ્પદ સ્થળે તપાસ કરતાં, એક એસેમ્બલ ડ્રોન મળ્યું હતું, જેમાં કેફી પદાર્થના સાત પેકેટ મળ્યા હતા.

# INDIA ENGLAND TEST

ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે તેંડુલકર—ઍન્ડરસન ટ્રોફીની પાંચ મૅચની ટેસ્ટ ક્રિકેટ શ્રેણીનો આજથી આરંભ થશે. ઇંગ્લૅન્ડના લીડ્સ ખાતે આજે બપોરે સાડા ત્રણ વાગ્યે પહેલી મૅચ રમાશે. રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા વરિષ્ઠ ખેલાડીઓના ટેસ્ટ ક્રિકેટથી સંન્યાસ પછી દરેકની નજર નવા સુકાની શુબમન ગિલ પર રહેશે. મૅચ પહેલા શુબમન ગિલે સુકાની તરીકે દેશ માટે રમવું એ ગર્વની ક્ષણ ગણાવી. જ્યારે ઉપસુકાની રિષભ પંત નવી જવાબદારીથી ખુશ છે અને તેમણે તેને નવી જવાબદારી ગણાવી.

ગઈકાલે ભૂતપૂર્વ ક્રિકેટર સચિન તેંડુલકર અને જૅમ્સ ઍન્ડરસનની હાજરીમાં આ નવી વિજયચિહ્નનું અનાવરણ કરાયું. ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે આ શ્રેણીનું નામ બંને દેશના આ મહાન ખેલાડીઓના નામ પરથી રખાયું છે.

# ISL FOOTBALL

ઇન્ડિયન સુપર લિગ ફૂટબૉલમાં ચેન્નઈયીન ફૂટબૉલ ક્લબે ગઈકાલે પોતાના સુકાની રયાન એડવર્ડ્સ ટીમમાં નહીં રહે તેવી જાહેરાત કરી. જ્યારે પંજાબ ફૂટબૉલ ક્લબના સુકાની લુકા માજસેન પણ ટીમમાં નહીં હોય. રયાન એડવર્ડ્સે વર્ષ 2023 પછીથી ચેન્નઈયીન ફૂટબૉલ ક્લબ માટે 42 મૅચ રમી છે. બીજી તરફ લુકા માજસેને પણ ઇન્ડિયન સુપર લિગ ફૂટબૉલમાં મહત્વની ભૂમિકા નિભાવી છે.

# WEATHER

હવામાન વિભાગે આજે હરિયાણા, દિલ્હી, પશ્ચિમ ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, કોંકણ, ગોઆ, મધ્યપ્રદેશ, ઓડિશા, ઉત્તરાખંડ, અરુણાચલ પ્રદેશ, આસામ અને બિહારમાં વિવિધ સ્થળ પર ભારે વરસાદની સંભાવના છે. જ્યારે છત્તીસગઢ, પૂર્વ ઉત્તરપ્રદેશ, ઝારખંડ, મધ્ય મહારાષ્ટ્ર, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં પણ ભારે વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગે જણાવ્યું, આગામી બેથી ત્રણ દિવસમાં દેશના ઉત્તર અને મધ્ય ક્ષેત્રમાં ચોમાસું આગળ વધી શકે છે. બીજી તરફ બિહાર, હરિયાણા, દિલ્હી, ઝારખંડ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા અને પંજાબમાં વાવાઝોડું અને ગાજવીજ સાથે વરસાદ વરસી શકે છે.

# VIVEK LAGOO PASSED AWAY

મરાઠી અને હિન્દી ફિલ્મોના પ્રખ્યાત અભિનેતા અને નિદેશક વિવેક લાગૂનું ગઈકાલે 74 વર્ષની વયે અવસાન થયું. તેમના અંતિમ સંસ્કાર આજે મુંબઈના ઓશિયારા સ્મશાનઘાટ પર કરાશે.

શ્રી વિવેક લાગૂએ વિવિધ શૈલી અને ભાષાઓમાં બનેલી અનેક ફિલ્મ અને ટૅલિવિઝન કાર્યક્રમમાં કામ કર્યું હતું. તેમની ફિલ્મોમાં “ગોદાવરી ને કાય કેલે”, “અગ્લી”, “વ્હૉટ અબાઉટ સાવરકર?” અને “31 દિવસ” સામેલ છે. તેઓ મરાઠી થિએટર અને ટેલિવિઝનના પણ લોકપ્રિય કલાકાર હતા.

# IRAN ISRAEL CLUSTER BOMBS

ઈઝરાયેલે ચાલુ સંઘર્ષમાં ઈરાન પર ક્લસ્ટર બૉમ્બના ઉપયોગનો આક્ષેપ લગાવ્યો છે. ઈઝરાયેલના સૈન્ય અધિકારીઓએ કહ્યું, ઈરાને ઈઝરાયેલ પર મિસાઈલ હુમલામાં ક્લસ્ટર બૉમ્બનો ઉપયોગ કર્યો છે. યુદ્ધની વચ્ચે પહેલી વાર આ વિવાદાસ્પદ શસ્ત્રનો ઉપયોગ કરાયો છે.

ઈઝરાયેલથી મળતી માહિતી મુજબ, ઈરાનની મિસાઈલ અંદાજે સાત કિલોમીટરની ઊંચાઈએ જઈ 20 વિસ્ફોટમાં ફેરવાઈને આઠ કિલોમીટરના અંતરમાં ફેલાઈ ગઈ. ઈઝરાયેલના સૈન્ય પ્રવક્તા બ્રિગેડિયર જનરલ એફી ડેફ્રિને આનાથી ઘણું નુકસાન થયું હોવાનું જણાવ્યું છે.

# CHHATISGARH ENCOUNTER

છત્તીસગઢમાં આજે સુરક્ષા દળો સાથેની અથડામણમાં એક મહિલા નક્સલી ઠાર થઈ છે. અથડામણ કાંકેર જિલ્લાના આમાતોલા અને કાલપર વિસ્તારના જંગલમાં થઈ હતી. ખાનગી માહિતીના આધારે જિલ્લા અનામત રક્ષક અને સરહદ સુરક્ષા દળની સંયુક્ત ટુકડીને અભિયાન માટે રવાના કરવામાં આવી હતી. સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે ગોળીબારી થઈ રહી છે. અથડામણ સ્થળ અને આસપાસના વિસ્તારમાં તપાસ અભિયાન હજી ચાલુ છે.